**સાત પગલાં...**

**સ્ત્રીની યાત્રા : કારાગારથી કૈલાસ સુધી**

**- કુન્દનિકા કાપડીઆ**

દુનિયામાં બધા અસમાન છે, પણ સ્ત્રીઓ વધુ અસમાન છે.

૧૯૮૨ના જુલાઈથી શરૂ થઈ ૪૦ અઠવાડિયાં સુધી આ નવલકથા ધારાવાહી રૂપે ' જન્મભૂમિ પ્રવાસી'ની રવિવારીય આવૃત્તિમાં પ્રગટ થઈ ત્યારે એણે ઠીક ઠીક ઊહાપોહ જગાડેલો. 'તમને જેલમાં મોકલવાં જોઈએ'થી માંડી 'તમને નોબેલ પારિતોષિક અપાવું જોઈએ' - સુધીની પ્રતિક્રિયાઓ સાંભળવા મળી હતી. મારા સદભાગ્યે જેલમાં મોકલવાની ઈચ્છા રાખનારાઓની સંખ્યા જૂજ હતી. મારો મોટો પુરસ્કાર તો હતો ચારે તરફથી મને મળેલા સેંકડો સ્ત્રીઓના પત્રો, જેમાં એક જ સૂર મુખ્ય હતો કે આ તો અમારી વાત છે, અમે જે સહ્યું છે ને કહ્યું નથી તે અમારી વેદના, અમારાં આંસુ, અમારા દબાયેલા આક્રોશની આ વાત છે. એટલે સુધી સ્ત્રીઓને વસુધાના જીવનમાં પોતાના જીવનનું પ્રતિબિંબ દેખાયું છે કે તેમણે મને ઘેર મળવા આવીને, પત્રો લખીને, ટેલિફોન કરીને,રસ્તામાં ઊભી રાખીને એ વિશે વાત કરી છે. સાવ અજાણી સ્ત્રીઓએ રાત વખતે ઘેર આવીને પોતાની વેદનાની કથાઓ મને સંભળાવી છે. રેખા જોશી નામનાં બહેને બહુ કલાત્મક રીતે લખેલું કે : 'વસુધાનું પાત્ર ! મને લાગે છે કે હું એને મળી છું, એને ઓળખું છું. ખૂબ યાદ કર્યાં પછી ખ્યાલ આવ્યો કે એ હું જ છું.

નવલકથામાં આલેખાયેલી મોટા ભાગની પરિસ્થિતિઓ પાછળ સત્ય ઘટનાઓનો આધાર છે; અને એ રીતે આ લગભગ દસ્તાવેજી કથા છે. આ દુનિયામાં સ્ત્રીઓનું સ્થાન હંમેશા બીજા દરજ્જાનું રહ્યું છે, એ હકીકતના કાંઈ પુરાવા શોધવા જવું પડે એમ નથી. આ દેશમાં જ નહિ, દુનિયાના બધા દેશોમાં આ સ્થિતિ રહી છે. છતાં કેટલાક લોકોને એમ લાગ્યું છે કે નવલકથાનું આલેખન વાસ્તવિકતાથી દૂર છે. તેમને લાગે છે કે સ્ત્રીઓનું માતા તરીકે તે પૂજનીય ગણાઈ છે, પુરુષની પાછળ તેની જ શક્તિ કામ કરે છે.' ભારતીય સ્ત્રીત્વ ' નો ખ્યાલ સદા ઊંચો રહ્યો છે અને તેના આધારે જ ભારતીય સમાજ હજી ટકી રહ્યો છે.

વાસ્તવિકતા શી છે?

વેદકાળમાં સ્ત્રીઓને વારસા - અધિકાર સિવાય ઘણીબધી બાબતોમાં પુરુષોની સમાન અધિકારો હતા. પછી મનુસ્મૃતિના કાયદા અને વર્ણવ્યવસ્થા આવ્યાં અને સ્ત્રીને શુદ્રની હરોળમાં સ્થાન મળ્યું. છેક ત્યારથી સ્ત્રીઓ અને શુદ્ર - બન્ને વર્ગના પ્રશ્નો લગભગ સમાંતર રહ્યા છે.

નાખવામાં આવી, તેથી તેનું શિક્ષણ પણ ઘટયું. આદર્શ સ્ત્રીની અનેક વ્યાખ્યાઓ બાંધવામાં આવી, જેમાં તેના સમગ્ર વ્યક્તિત્વને પુરુષ સાથેના સંબંધમાં સીમિત કરી દેવામાં આવ્યું, પતિ ગમે તેવો હોય, પણ તેના પરત્વે સંપૂર્ણ આજ્ઞાધીનતાને સૌથી મોટો ગુણ ગણવામાં આવ્યો અને તેને આ સમાજમાં હંમેશા ગૌરવભર્યું સ્થાન રહ્યું છે. સ્ત્રીની લગ્નવય ઘટાડી આનુષંગિક ત્યાગ અને સહનશીલતા સ્ત્રીની જ વિશેષતા મનાઈ. સ્ત્રીને પતિની સેવા કરનાર, પતિના વંશને ચાલુ રાખવા માટે પુત્રોને જન્મ આપનાર સાધન જ માત્ર ગણવામાં આવી. સ્ત્રીની પવિત્રતા માટે અનેક નિયમો, પ્રતિબંધો રચાયા. પિતૃસત્તાક સમાજ જેમ પ્રસ્થાપિત થતો ગયો તેમ બધા જ ક્ષેત્રે પુરુષોનું આધિપત્ય સ્થપાયું. 'પતિ એ જ પરમેશ્વર' એ સ્ત્રી - જીવન માટે માર્ગદર્શક સૂત્ર બન્યું. તેના જીવનનાં બધાં સમીકરણો પતિ સાથેના સંબંધમાં જ રચાયાં. એક પુરુષને સંત થવા માટે દીર્ઘ પુરુષાર્થભરી સાધના કરવી પડે. સ્ત્રીને સતી થવા માટે કેવળ પતિનિષ્ઠાની જરૂર. એટલે સતીત્વ શબ્દમાં ' સત્ 'નો જે એક વધારાનો અર્થ છે તે ફકત સ્ત્રી માટે છે. 'સતીત્વ' જેવો, પુરુષને માટે વાપરી શકાય તેવો કોઈ શબ્દ નથી, કારણ કે પુરુષ માટે એવી કોઈ વિભાવના જ નથી.

રામાયણ - કાળમાં રામે સીતાનો ત્યાગ કર્યો અને અમુક વર્ગે એ ત્યાગને બિરદાવ્યો, કારણ કે રામે વધુ ઊંચા મૂલ્ય માટે - પ્રજામત માટે - સીતાનો ત્યાગ કર્યો હતો. પણ સીતાએ કહ્યું કે હું તો રામની છાયાની જેમ તેમની સાથે જઈશ, કારણ કે તેના જીવનમાં રામ કરતાં વધારે ઊંચું મૂલ્ય બીજું નહોતું. સીતા માટે અંતિમ ગંતવ્ય સીતા નથી.

રામે એવી કોઈ પ્રાર્થના કરી નથી. પિતાને માટે રામે રાજ્ય ત્યજી વનવાસ લીધો હતો. પત્ની માટે તે રાજ્ય ત્યજી વનમાં સાથે જઈ શક્યા નહિ.

મહાભારતની વાત જોઈએ યુધિષ્ઠિર દ્રૌપદીને દ્યુતમાં હારી ગયા ત્યારે દ્રૌપદીએ પૂછ્યું કે ધર્મરાજા પોતાની જાતને હારી ગયા છે, તો તે પછી મને હોડમાં મૂકવાનો તેમને અધિકાર છે ખરો? એટલે કે ધર્મરાજાનો દ્રૌપદીને હોડમાં મૂકવાનો અધિકાર હોત - જો તે પોતાને હારી ગયા ન હોત !

આમ સ્ત્રી જીતવાની, હારવાની , શરતમાં મૂકવાની, દાનમાં આપવાની વસ્તુ ગણાઈ છે. આપણા એક પ્રખર ચિંતક દાદા ધર્માધિકારીએ ક્યાંક લખેલું : પુરાણકથાઓમાં સ્ત્રીઓનો મુખ્યત્વે શો 'રોલ' હતો? કોઈ ઋષિમુનિને ચળાવવા હોય તો એનો ઉપયોગ થતો. કોઈ રાજા ખુશ થાય તો કહે : અર્ધું રાજપાટ અને રાજકન્યા આપીશ. પ્રસન્ન થઈને રાજા કોઈ વસ્તુ આપે એમ રાજકન્યા પણ આપે. એ પણ એક આપવાની વસ્તુ. લગ્નમાં અપાતું ' કન્યાદાન ' પણ કન્યા દાનની વસ્તુ હોવાનું સૂચવે છે.

સ્ત્રીની એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે ગણના થઇ ન હોવાથી અને તેના જીવનનું સમગ્ર મૂલ્ય પુરુષ સાથેના સંબંધમાં જ વણાયું હોવાથી, તેનાં નામરૂપ સહિત સઘળી ઓળખ પુરુષ - આધારિત છે. એક સ્ત્રી કાં તો પત્ની છે, કાં વિધવા છે. એક પુરુષની ઓળખાણ આપતાં તે શ્રી મોહન પટેલ છે, એમ કહીએ તો ચાલે. તે કવિ છે કે કામદાર છે, તેટલી ઓળખ બસ થાય. તે પરણેલો છે કે નહિ તે જાણવાનું અપ્રસ્તુત છે. પણ સ્ત્રીના નામ આગળ આખોયે વખત મિસ કે મિસિસ, કુમારી કે શ્રીમતી જેવાં વિશેષણો લગાડી તેની લગ્નસંબંધે શી સ્થિતિ છે તે જાહેર થતું રહે. પરણ્યા પછી સૌ. કે અસૌ . લગાડીને અને વિધવા થાય ત્યારે ગંગાસ્વરૂપ લગાડીને પણ તેની પતિવિષયક સ્થિતિની જાહેરાત થતી રહે.

સીતાએ કહ્યું : ભવોભવ તમે જ પતિ તરીકે મળજો.

*